# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

જેઠ સુદ - ૦૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૯૬ ● તારીખઃ ૧૬.૦૬.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


**આજનો સુવિચાર**

જીંદગી પણ કેવી અજીબ થઈ ગઈ છે, ખુશ દેખાવું એ ખુશ રહેવા કરતા પણ વધારે જરૂરી છે!

# કિસાન આંદોલન રાજકીય દખલગીરી અને પોલીસ અવરોધના કારણે ખોરવાયુંઃ અમિત ચાવડા



પાકના યોગ્ય ભાવ, વીજળી અને સિંચાઈ સહિતની મુખ્ય પાંચ માંગણીઓ સાથે ગાંધીનગર તરફ કૂચ કરી રહેલી ખેડૂતોની ટ્રેક્ટર રેલી રાજકીય હસ્તક્ષેપ અને વહીવટી અવરોધોના કારણે ખોરવાઈ ગઈ હોવાના આક્ષેપો ઉઠ્યા છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પ્રતિક્રિયા આપતા ગંભીર આક્ષેપ કર્યો છે કે આમ આદમી પાર્ટી અને ભાજપના કાર્યકરોએ શાંતિપૂર્ણ આંદોલનને વેરવિખેર કરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે ખેડૂતોને ગાંધીનગરમાં પ્રવેશતા રોકવા માટે પોલીસ તંત્રનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. અગાઉ બોટાદ આંદોલનની જેમ અહીં પણ ખેડૂતોને ઉશ્કેરીને તણાવ ઊભો કરાતાં ખેડૂતોની સરકાર સમક્ષ રજૂઆત કરવાની તક મર્યાદિત બની ગઈ હતી; જોકે ખેડૂત સંગઠનોએ સ્પષ્ટ કર્યું છે કે તેમની લડત કોઈ પક્ષ સામે નહીં પણ માત્ર પોતાના હકો માટે છે અને આગામી દિવસોમાં બેઠક યોજી તેઓ આગળની રણનીતિ નક્કી કરશે.

# ‘બોટાદની જેમ ખેડૂતોને ઉશ્કેરવામાં આવી રહ્યા છે’, ટ્રેક્ટર રેલીમાં ફાંટા મુદ્દે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે તોડ્યું મૌન

**સમય સંદેશઃ ગાંધીનગર**

ખેડૂતોએ જ્યારે પણ પોતાની માંગણીઓ અને પ્રશ્નોને લઈને અવાજ ઉઠાવવાનો પ્રયત્ન કર્યો છે, ત્યારે તેમના અવાજને દબાવવાના પ્રયાસો થયા હોવાના આક્ષેપો વારંવાર સામે આવ્યા છે. આજે પણ કંઈક આવું જ બન્યું હોવાનો ખેડૂતો દ્વારા દાવો કરવામાં આવ્યો છે. ખેડૂતો પોતાની મુખ્ય પાંચ માંગણીઓ સાથે ટ્રેક્ટર રેલીના માધ્યમથી ગાંધીનગર તરફ કૂચ કરી રહ્યા હતા, પરંતુ ગાંધીનગર પહોંચતા પહેલાં જ સમગ્ર કાર્યક્રમમાં અવરોધો ઊભા થયા હતા. આ બાબતે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે આમ આદમી પાર્ટી અને ભાજપના કેટલાક કાર્યકરો દ્વારા સમગ્ર આંદોલનને

અનુ પાના નં.૨ પર

## કોંગ્રેસ નેતા પાલ આંબલિયા અને ખેડૂત આગેવાન ભરતસિંહ ઝાલા વચ્ચે સ્ટેજ પર ઉગ્ર તકરારઃ ખેડૂત રેલીમાં ભંગાણ

ઓગણજ ખાતે દેવા માફી અને મફત વીજળી જેવા મુદ્દે યોજાયેલા ખેડૂતોના વિરોધ કાર્યક્રમમાં ખેડૂતો અને કોંગ્રેસ વચ્ચેના આંતરિક મતભેદો સપાટી પર આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ખેડૂત આગેવાન ભરતસિંહ ઝાલાએ કોંગ્રેસ પર ખેડૂતોના ખભે રાજનીતિ કરવાનો અને ગાંધીનગર રેલીની મંજૂરી ન હોવાની વાત છુપાવી દ્રોહ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. આ આક્ષેપોને પગલે સ્ટેજ પર જ કોંગ્રેસ નેતા પાલ આંબલિયા અને ભરતસિંહ ઝાલા વચ્ચે ઉગ્ર

અનુ પાના નં.૨ પર

## ખેડૂતોના નામે રાજનીતિ કરનારા તત્વોને સાંખી લેવાશે નહીંઃ હર્ષ સંઘવી

અમદાવાદ રિંગ રોડ પર કિસાન યાત્રા દરમિયાન થયેલા ઘર્ષણ અંગે કડક વલણ અપનાવતા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ખેડૂતોના કલ્યાણ માટે રાજ્ય સરકાર હંમેશાં કટિબદ્ધ છે અને તેમના તમામ પ્રશ્નોનો શાંતિપૂર્ણ રીતે ઉકેલ લાવવામાં આવી રહ્યો છે. પરંતુ, વિપક્ષ દ્વારા રાજકીય રોટલા શેકવા માટે નિર્દોષ ખેડૂતોને ઉશ્કેરીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગાડવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે તે અત્યંત નિંદનીય છે.

# જયપુરમાં કોકરોચ પાર્ટીના ફાઉન્ડર અભિજીત ઉપર તમાચાઓનો વરસાદ



**સમય સંદેશઃ જયપુર**

જયપુરમાં શહીદ સ્મારક ખાતે નીટ પેપર લીક અને બેરોજગારી સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન સીજેપીના સ્થાપક અભિજીત દીપકને એક યુવકે થપ્પડ મારી હતી. ત્યારબાદ ગુસ્સે ભરાયેલા પ્રદર્શનકારીઓએ આરોપીને પકડી લીધો અને સ્થળ પર જ માર માર્યો હતો. જયપુરમાં શહીદ સ્મારક ખાતે એક અજાણ્યા વ્યક્તિએ અચાનક કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકને થપ્પડ મારી દેતાં ભારે હોબાળો મચી ગયો. અભિજીત દીપક NEET પેપર લીક, બગડતી શિક્ષણ વ્યવસ્થા, બેરોજગારી અને યુવાનોને

અનુ પાના નં.૨ પર

# જાંબુડા નજીક વેલકમ વોટરપાર્કમાં ગભરામણ થયા બાદ તરૂણનું મોત



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સરૂ સેક્શન રોડ ઉપર રહેતો આરવ શિવકુમાર સ્વમાકર નામનો ૧૪ વર્ષનો તણ પોતાની માતા અને પડોશી પરિવારો સાથે વેલકમ વોટર પાર્કમાં માત્ર ૮ દિવસના અંતરે બીજા એક વોટર પાર્કમાં ૧૪ વર્ષિય તણના મૃત્યુનો બનાવ નોંધાયો છે. આ બનાવની જાણ થતાં પંચકોશી-એ ડિવીઝન પોલીસ મથકના પીઆઈ એમ. એન. શેખ અને સ્ટાફ ઘટનાસ્થળે ધસી ગયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો મુજબ મૃતક તણે પોતાને ગભરામણની ફરિયાદ કરી હતી અને પાર્કની પાળી ઉપર બેસી ગયો હતો. પછી તેને સાથેના લોકો દ્વારા સારવારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ દરમિયાન તણનું મૃત્યુ થયું હતું. પંચકોશી-એ ડિવીઝન પોલીસ દ્વારા તણના પીએમની વિધિ કરાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મૃતક તણના પિતા કુવૈત હોવાથી હાલ બોડીને કોલ્ડરૂમમાં મુકવા વ્યવસ્થા થઈ હતી.પી.એમ. રીપોર્ટ બાદ તણના મૃત્યુ બાબતે ખુલાસો થઈ શકશે તેમ પોલીસ તંત્ર જણાવે છે.

# ભારત A અને શ્રીલંકા A વચ્ચે હાઈ-વોલ્ટેજ ડ્રામાઃ મેચ ટાઈ થયા બાદ સુપર ઓવરમાં શ્રીલંકાની જીત

## અમ્પાયર સાથે કેપ્ટન તિલક વર્માની ઉગ્ર દલીલો અને નો-બોલનો નવો વિવાદ



**સમય સંદેશઃ ડેસ્ક**

રાંગિરી દાંબુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી ટ્રાય-સિરીઝની ચોથી મેચમાં ભારત અ અને શ્રીલંકા અ વચ્ચે છેલ્લી ઘડી સુધી જોરદાર રોમાંચ અને વિવાદ જોવા મળ્યો હતો. શ્રીલંકાને જીતવા માટે અંતિમ બોલે ૨ રનની જરૂર હતી, પરંતુ બેટર સી ગુણસેકરા માત્ર એક રન લઈ બીજા રને રનઆઉટ થતાં સ્કોર સરખો થઈ ગયો અને મેચ ટાઈ થઈ હતી. આ રોમાંચક અંત

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં PM ઈ-બસ સેવા અંતર્ગત આજથી ઈલેક્ટ્રિક બસ શરૂ

## શહેરીજનોને ૫ રૂટ પર ૨૩ બસો દર અડધા કલાકે મળશે, પહેલી બસ સવારે ૬:૩૦ વાગ્યાથી, જુઓ રૂટ અને સમયપત્રક



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના નાગરિકો માટે પરિવહન ક્ષેત્રે એક મોટા અને પર્યાવરણલક્ષી સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી PM ઈ-બસ સેવા અંતર્ગત જામનગર મહાનગરપાલિકા સંચાલિત જામનગર જનમાર્ગ ફાઉન્ડેશન દ્વારા શહેરમાં આજથી દૈનિક ઈલેક્ટ્રિક બસ સેવાનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો છે.

શહેરના પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડિયા અને ધારાસભ્ય રિવાબા જાડેજાએ આ આધુનિક બસોને લીલી ઝંડી આપીને જામનગરમાં ગ્રીન એનર્જી અભિયાનને ખુલ્લું મૂક્યું હતું. ગઈકાલથી શરૂ થયેલી આ સેવા બાદ આજથી તમામ નિર્ધારિત રૂટ પર દિવસ દરમિયાન બસો રાબેતા મુજબ શહેરીજનો માટે દોડતી થઈ જશે.

શહેરીજનોની સુવિધા માટે પ્રથમ તબક્કામાં કુલ ૨૩ ઈ-બસો રસ્તા પર ઉતારવામાં આવી છે. આ બસો માટે ૫ અલગ-અલગ રૂટો નક્કી કરવામાં આવ્યા છે, જ્યાં મુસાફરોને દર ૩૦ મિનિટે બસ સેવાનો લાભ મળશે.

આ મુખ્ય રૂટો ઉપરાંત શહેરના અન્ય મહત્વના વિસ્તારો જેવા કે કીર્તા પાન, શાલીગ્રામ હોસ્પિટલ, લાલપુર બાયપાસ, હોટલ અપના રાજધાની, નાઘેડી બાયપાસ, સ્વામીનારાયણ મંદિર, સમર્પણ સર્કલ, દિગ્ગામ સર્કલ, રાજ ચેમ્બર (ખોડીયાર કોલોની) અને ક્રિસ્ટલ મોલ વગેરે સ્થળોને પણ આ સેવામાં સાંકળી લેવામાં આવ્યા છે.

શહેરીજનોને પરિવહનમાં વધુ સરળતા રહે અને તેઓ ઘરે બેઠા જ બસનું લાઈવ લોકેશન તેમજ સમય જાણી શકે તે માટે જામનગર જનમાર્ગ ફાઉન્ડેશન દ્વારા સત્તાવાર મોબાઈલ એપ્લિકેશન પણ જાહેર કરવામાં આવી છે.

જામનગર મહાનગર પાલિકાના સીટી એન્જિનીઅરના જણાવ્યા અનુસાર, આ તમામ ઈલેક્ટ્રિક બસો સંપૂર્ણપણે પ્રદૂષણ મુક્ત અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ નવીનતમ સુવિધાથી શહેરમાં હવાનું પ્રદૂષણ ઘટશે અને ટ્રાફિકની સમસ્યામાં પણ રાહત થશે. મહાનગરપાલિકા દ્વારા જામનગરના નગરજનોને જાહેર પરિવહનની આ સેવાનો વધુમાં વધુ લાભ લેવા અને

અનુ પાના નં.૨ પર

### બસ ભાડાની વિગતો નીચે મુજબ છે

| | |
|---|---|
| ૦ થી ૩ કિલોમીટર | ૫ |
| ૩ થી ૫ કિલોમીટર | ૧૦ |
| ૫ થી ૮ કિલોમીટર | ૧૫ |
| ૮ કિલોમીટરથી વધુ અંતર | ૨૦ |

## જામનગર ભાજપ કાર્યાલયે યોજાઈ વડાપ્રધાન મોદી સાશનના ૧૨ વર્ષ નિમિત્તે પત્રકાર પરિષદ

### મનપાના પદઅધિકારીઓ પ્રોટોકોલ ન જળવાયોઃ ધારાસભ્યની મધ્યસ્થી બાદ મામલો થાળે પડ્યો

**સમય સંદેશઃ જામનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સફળ કાર્યકાળના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગઈકાલે જામનગર શહેર અને જિલ્લામાં ઉત્સાહભેર વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ અંતર્ગત જામનગર શહેર ભાજપ કાર્યાલય ખાતે એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદ (મીડિયા સંવાદ) નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્ર સરકારની ૧૨ વર્ષની ઐતિહાસિક સિદ્ધિઓ જેવી કે અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નિર્માણ અને ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈક સહિતના અનેક સીમાચિહ્નરૂપ નિર્ણયો અને લોકકલ્યાણના કાર્યોની વિગતવાર માહિતી દેશના કરોડો નાગરિકો સુધી પહોંચાડવાના ભાગરૂપે મીડિયા સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

આ પત્રકાર પરિષદમાં ભાજપના વરિષ્ઠ આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અનુ પાના નં.૨ પર





તસવીરઃ હિરેન ગાંધી


## તંત્રી સ્થાનેથી..

### આગવું ગુજરાત !

વિજ્ઞાન અને ટેકનોલોજી હવે કેલિફોર્નિયાના જંગલોમાં લાગેલી આગ બુઝાવી શકે છે પરંતુ આપણા દેશમાં તો હતા ત્યાંને ત્યાં – એવો અનુભવ સહુને છે. દેશના મોટા ભાગના ફિલ્મ થિયેટરોમાં આજે પણ આગ લાગે તો બહાર નીકળવાનું મુશ્કેલ છે, કારણ કે થિયેટરમાં બેઠક વ્યવસ્થામાં એ મટિરિયલ વપરાય છે જે ઝડપથી આગને પકડે. મુંબઈના ઉપહાર નામક ફિલ્મ થિયેટરમાં બોર્ડર ફિલ્મ ચાલતી હતી ત્યારે લાગેલી આગમાં અંદાજે ૬૦ દર્શકો ભભૂકતી જવાળાઓમાં જીવતા ભુંજાઈ ગયા હતા. બોર્ડર ફિલ્મ જોતાં જોતાં જ તેઓ અત્યન્ત કરૂણ રીતે જિંદગીની બોર્ડર ઓળંગીને મોતના ખોળે પોઢી ગયા હતા, થિયેટર માલિકો વગદાર હતા, એ ઈ.સ. ૧૯૯૭નો સમય હતો. સીબીઆઈની ચાર્જશીટ હોવા છતાં થિયેટર માલિકો વીસ વરસ પછી જેલમાં ગયા. કોઈ પણ ઈમારતના છેલ્લા ઉપરના માળે અગાસીમાં ડોમ બાંધીને કે તંબુ–છાપરા ઊભા કરીને જે વધારાની ઉપભોક્ત જગ્યા બનાવવામાં આવે છે તે રૂફ ટોપ છે. રૂફ ટોપ ફાયર સૌથી ખતરનાક આગ હોય છે. એ બહુ ઝડપથી ફેલાય છે. સુરતના ડિઝાઈન સ્ટુડિયોના પાટિયા લગાવીને ચિત્રકલાના હોબીક્લાસ ચલાવતી ટોળકીએ પણ રૂફ ટોપ પર જ કલાસિઝ ચાલુ કર્યા હતા. આપણે ત્યાં પાછલા વરસોમાં સરકારે થોડા રૂફટોપ ડોમ તોડાવ્યા પણ પછી આજે તો એની એ જ સ્થિતિ છે. ઈ.સ. ૧૯૭૦ના દાયકામાં દુનિયામાં રૂફ ટોપ રેસ્ટોરન્ટનો ક્રેઝ હતો, પરંતુ ફ્રાન્સ અને અમેરિકામાં રૂફ ટોપ ફાયરના અનેક કિસ્સાઓ બહાર આવતા ત્યાંની સરકારોએ ધાબા પર ડોમ વગેરે બાંધીને નવી રચના કરવા પર પ્રતિબંધ મૂકી દીધો. આપણે ત્યાં છેલ્લે ઈ.સ. ૨૦૧૭માં મુંબઈમાં રૂફ ટોપ રેસ્ટોરન્ટમાં ભીષણ આગ લાગી હતી અને કોઈને છટકવાની તક મળી ન હતી. એમાં પબ કલ્ચરના ૧૫ શોખીનોએ જિંદગી ગુમાવી હતી અને ૨૧ જેટલા લોકો ઘવાયા હતા. આ ઉપરાંત જેમની નિર્દોષ અને નિર્મળ આંખ હજુ યૌવનથી અજાણ હતી અને હજુ તો જેઓ જિંદગીના આકાશમાં ઊંચે ઉડવા પાંખો ફફડાવવાની તૈયારીમાં હતા ત્યાં જ જેમના આત્માએ અનંત ભણી અંતિમ પ્રયાણ કરવું પડ્યું એ તમામ વિદ્યાર્થીઓ ભીતર કારમી ચીસો સાથે અને બહાર કૂદાકૂદમાં જિંદગીથી હાથ ધોઈ બેઠા એ સુરતની ઘટના સમગ્ર દેશે નજરોનજર સમૂહ માધ્યમોમાં જોઈને કમકમાટી અનુભવી હતી. વાલીઓ હજુ પણ એમ માને છે કે એમ કંઈ આગ થોડી લાગી જવાની છે?



# હાલારના હાલહવાલ



## ખંભાળિયાના નગરજનોની બલિહારી : રૂ. ૪૨ કરોડની ભૂગર્ભ ગટર યોજના ૧૩ વર્ષે પણ સંપૂર્ણપણે બિનઉપયોગી

### તંત્રની ગંભીર નિષ્ક્રિયતાથી શહેરમાં ખુલ્લી ગટરોનું સામ્રાજ્ય બરકરાર

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરમાં આજથી આશરે ૧૩ વર્ષ પૂર્વે અમલમાં મૂકવામાં આવેલી ભૂગર્ભ ગટર યોજના પણ આજે પણ અધુરી અને અપૂર્ણ છે. ત્યારે રૂપિયા ૪૨ કરોડના ખર્ચે શહેરના રસ્તાની નીચે બિછાવવામાં આવેલી ભૂગર્ભ ગટર યોજના હાલની પરિસ્થિતિમાં સંપૂર્ણપણે નિષ્ફળ હોવાનું ચિત્ર જોવા મળી રહ્યું છે અને શહેરમાં અનેક સ્થળોએ આજે પણ ખુલ્લી ગટરો યથાવત છે.

ખંભાળિયા શહેરમાં વર્ષ ૨૦૧૩ માં જે-તે સમયના મંત્રી બાબુભાઈ બોખીરીયાના હસ્તે રૂ. ૪૨ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર યોજનાનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આશરે અઢીથી ત્રણ વર્ષ સુધી નગરજનોએ આડેધડ રીતે થયેલા ભૂગર્ભ ગટરના કામોના કારણે વ્યાપક હાલાકી વેઠ્યા પછી આ કામ પૂર્ણ થયું હતું. પાણી



પુરવઠા બોર્ડ દ્વારા બનાવવામાં આવેલી આ ભૂગર્ભ ગટર યોજનાની સોંપણી નગરપાલિકાને કરતી વખતે વારંવાર કરવામાં આવેલા ટેસ્ટિંગમાં આ ગટર લીકિજ થતા નગરપાલિકાએ આ યોજના સંભાળી ન હતી અને આખી યોજના જાણે નિષ્ફળ ગઈ હોય તેમ અભેરાઈ ઉપર ચડાવી દેવામાં આવી હતી. આ પછી વર્ષ ૨૦૨૪ માં પુનઃ ટેસ્ટિંગ કરવા તેમજ ડ્રેનેજ કનેક્શન આપવા માટે યોજના ફેઝ ૨ માટે વધુ રૂ. ૨૯ કરોડની રકમ મંજુર કરવામાં આવી છે, અને ટેન્ડરિંગ સાહિતની પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ આ યોજનાનું કામ હજુ સુધી શરૂ થયું નથી.! આ વચ્ચે તાજેતરમાં રૂપિયા પાંચ કરોડ જેટલી રકમના ખર્ચે શહેર નજીક આવેલા હર્ષદપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં ગટરના પાણીના નિકાલ માટે સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસ.ટી.પી.) પણ બનાવવામાં આવ્યો છે. પરંતુ આ ભૂગર્ભ ગટર હજુ સુધી ચાલુ ન થતાં આ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ બિન ઉપયોગી બની રહ્યો છે.

હાલની પરિસ્થિતિમાં શહેરમાં અવારનવાર ગટરો છલકાવા તેમજ તેની સાફ-સફાઈના નગરપાલિકાને ભોગવવાના થતા ખર્ચ માટે જવાબદાર કોણ? તેવો પ્રશ્ન પણ નગરજનોમાં પુછાઈ રહ્યો છે. શહેરના માર્ગો પર રહેલા ભૂગર્ભ ગટરના ઢાંકણા અવારનવાર નાના-મોટા અકસ્માતનું કારણ બને છે.

## દ્વારકામાં ભાગવત સપ્તાહમાં સંસ્કૃત વર્ગના ભુલકાઓએ વ્યાસપીઠ પર જીજ્ઞેશ દાદાના આશિર્વાદ મેળવ્યા



**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકાના સનાતન સેવા મંડળ ખાતે ચગ પરિવાર દ્વારા આયોજિત પવિત્ર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં વિવિધ ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પાવન અવસરે દ્વારકા શ્રી ગુગલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા સંચાલિત સંસ્કૃત વર્ગના ભૂલકાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કૃત વર્ગના વિદ્યાર્થીઓએ વ્યાસપીઠ પર બિરાજમાન પરમ આદરણીય જીજ્ઞેશ દાદાના આશીર્વાદ પ્રાપ્ત કરી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રસંગે બાળકોમાં ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષા અને ધાર્મિક પરંપરાઓ પ્રત્યે વધુ રસ અને જાગૃતિ જોવા મળી હતી. કાર્યક્રમ દરમિયાન સંસ્કૃત વર્ગના આચાર્ય સન્નીભાઈ પુરોહિત દ્વારા વિધિવત વ્યાસ પૂજન કરવામાં આવ્યું હતું. વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિક ભાવના સાથે યોજાયેલ આ કાર્યક્રમથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. શ્રીમદ્ ભાગવત સપ્તાહ જેવા ધાર્મિક આયોજનોમાં સંસ્કૃત શિક્ષણ અને સંસ્કારનું મહત્વ ઉજાગર કરતું આ આયોજન ઉપસ્થિત ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. નાના ભૂલકાઓ દ્વારા સંસ્કૃત પ્રત્યેનો લગાવ અને ભારતીય પરંપરાઓના જતન માટે કરવામાં આવતા પ્રયાસોની સૌએ પ્રશંસા કરી હતી.

## બરડા પંથકમાંથી દેશીદારૂનો બે હજાર લીટર આથો ઝડપાયો



**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ પોલીસે બરડા ડુંગર વિસ્તારમાં ધામણી નેશ પાસે દારે અંગે દરોડો પાડી રૂા.પચાસ હજારની કિંમતનો બે હજાર લીટર કાચો આથો ઝડપી પાડ્યો છે. જો કે આરોપીને પોલીસની ગંધ આવી જતાં તે ફરાર થયો છે. સૂચના અનુસાર ભાણવડ પોલીસ વિભાગના પીઆઇ વી.કે. કોઠીયા અને ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ધામણી નેશ પાસે બાવળની ઝાળી માં દેશી દારુની ભઠી ધમધમતી હોવાની બાતમી મળી હતી. ત્યારે પોલીસ બનાવના સ્થળે પહોંચી તલાસી લેતા દારૂની ભઠી માલુમ પડી હતી સ્થળ પરથી પોલીસે રૂા. ૫૦ હજારની કિંમતનો બે હજાર લીટર આથો ઝડપી પાડ્યો હતો. જો કે નામચીન બુટલેગર વિનુ ભુરા રબારી રે. ધામણી નેશ ફરાર થયો હતો.

## જામનગરના દિગ્વીજય પ્લોટ વિસ્તારમાંથી દારૂ લઈને નિકળેલ કારચાલક ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર પોલીસની સર્વેલન્સ સ્કવોડને મળેલી ચોક્કસ બાતમીના આધારે આર.આર. મોલ નજીક વોચ ગોઠવવામાં આવી હતી. ખંભાળિયા નાકા તરફથી આવતી હ્યુન્ડાઈ આઈ-૨૦ કાર (જીજે-૦૩-એચઆર-૩૪૮૬)ને રોકવાનો પ્રયાસ કરતાં ચાલકે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસે દી-પ્લોટ ૪૫ સ્થિત જૈન દેરાસરવાળી ગલીમાં કાર સહિત તેને ઝડપી લીધો હતો. કારની તપાસ કરતાં વિદેશી દારૂની ૪૪ બોટલ અને ૨૪૧ ચપટા મળી આવ્યા હતા. પોલીસે દારૂની કિંમત રૂ. ૧,૦૦,૬૭૭, કારની કિંમત રૂ. ૩,૦૦,૦૦૦ અને મોબાઈલ ફોનની કિંમત રૂ. ૫,૦૦૦ મળી કુલ રૂ. ૪,૦૫,૬૭૭નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આફિદી ઉર્ફે આફિદ મહેબૂબભાઈ દરજાદા (ઉ.વ. ૨૭), રહે. શંકરટેકરી, સુભાષપરા, જામનગર નામના શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં દારૂ સપ્લાય કરનાર તરીકે નાજીર ઉર્ફે નાજલો, રહે. શંકરટેકરી, જામનગરનું નામ સામે આવ્યું છે. તે હાલ ફરાર હોવાથી પોલીસે તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## જામનગરમાંથી ચેકપરતના કેસમાં ભાગેડું આરોપી ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

એસ.ઓ.જી.ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર વી.બી. ચૌધરી, પોલીસ સબ ઇન્સ્પેક્ટર એલ.એમ. ઝેર અને પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ.વી. ખેરના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એસ.ઓ.જી. સ્ટાફના મયુરરાજસિંહ જાડેજા, બળભદ્રસિંહ જાડેજા તથા વિરેન્દ્રસિંહ જાડેજાને ખાનગી બાતમી મળી હતી કે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટના ગુનામાં સજા પામેલો અને છેલ્લા ૬ માસથી નાસતો ફરતો આરોપી મુકેશ મનજીભાઈ કગથરા નથુવડલા ગામ નજીક ગામના પાદર વિસ્તારમાં હાજર છે. જે બાતમીના આધારે એસ.ઓ.જી.ની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતાં આરોપી મળી આવ્યો હતો. જેથી તેને કાયદેસરની કાર્યવાહી હેઠળ ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે ધ્રોલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.

## જામનગરઃ સજા બાદ ફરાર આરોપીની ધરપકડ



**સમય સંદેશઃ જામનગર**

જામનગરની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના ક્રિમિનલ કેસમાં આરોપી ઈમરાનભાઈ અલ્તાફભાઈ પઠાણ (રહે.કે.જી.એન.સોસાયટી, રજવી સોસાયટી પાછળ, ધ્રોલ)ને કેદની સજા ફરમાવવામાં આવી હતી. સજા બાદ આરોપી નાસ્તો ફરતો હોવાથી તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ધ્રોલ પોલીસના હેડ કોન્સ્ટેબલ સી.જે. જાડેજા તથા પોલીસ કોન્સ્ટેબલ મનીષભાઈ મનસુખભાઈ પાડોલિયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરીને તેને જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

## ખંભાળિયા નજીક કારની ઠોકરે બાઈક ચાલક દંપતિ ઈજાગ્રસ્ત

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના સામોર ગામે રહેતા કાનાભાઈ ચાવડા નામના ૫૨ વર્ષના આધેડ શનિવારે તેમના ધર્મપત્ની હિમીબેનને સાથે લઈને તેમના જી.જે. ૩૭ એફ. ૨૪૫૨ નંબરના મોટરસાયકલ પર બેસીને દ્વારકા દર્શન કરવા નીકળ્યા હતા.

આ દંપતી ખંભાળિયાથી આશરે ૧૮ કિલોમીટર દૂર વડત્રા ગામના પાટીયા પાસે આવેલી એક હોટલ નજીક પહોંચતા આ માર્ગ પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી જી.જે. ૦૧ ડબલ્યુ.બી. ૭૦૬૬ નંબરની એક એટિગા મોટરકારના ચાલકે કાનાભાઈના મોટરસાયકલને પાછળથી ઠોકર મારી હતી. જેથી બાઇક સાથે દંપતિ ફંગોળાઈ ગયું હતું. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં કાનાભાઈ ચાવડાને ખંભાળિયાની સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે જામનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે ખંભાળિયા પોલીસે હિમીબેન કાનાભાઈ ચાવડા (ઉ.વ. ૫૦, રહે. સામોર) ની ફરિયાદ પરથી મોટરકારના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### કુબેર ભંડારી

(પાના નં. ૪ થી આગળ)

વ્યવસ્થા જાળવવા માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ રીતે દર્શન કરી શકે તે માટે લાઈનની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દિવસભર ભક્તોનો પ્રવાહ ચાલુ રહેવાની અપેક્ષા છે.

### શિક્ષકોને પૈસા ભૂખ્યા

(પાના નં. ૪ થી આગળ)

કેમ??? ઉપરોક્ત વિગતે ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રીના નિવેદનને વખોળે છે. અને ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘની માંગ છે કે રાજ્યમંત્રી તાત્કાલિક તેના નિવેદન પર સ્પષ્ટતા કરી તેઓનું નિવેદન પાછું ખેંચે તેમ જ સમગ્ર ગુજરાતના શિક્ષક સમાજના સમાનને ઠેસ બદલ આવા નિવેદન ભવિષ્યમાં નહી કરવાની શિક્ષક સમાજને ખાતરી કરાવે. શિક્ષક એ સમાજ ઘડતરનું કાર્ય કરી સમાજને આદર્શ નાગરિક પૂરા પાડવાનું ભગીરથ કાર્ય કરે છે.

### પિસ્તોલ સાથે નિકળેલ

(પાના નં. ૪ થી આગળ)

કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વધુ તપાસ માટે કેસ ધ્રોલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં હથિયાર મધ્યપ્રદેશના અનિલ ભુરીયા નામના વ્યક્તિ દ્વારા સપ્લાય કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસ દ્વારા હથિયાર સપ્લાયરને ઝડપી પાડવા માટે તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પોલીસ ઇન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ.વી. ખેર તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

### હોમગાર્ડઝનો અનોખો પ્રયાસ

(પાના નં. ૩ થી આગળ)

આગામી ચોમાસાની સિઝન શરૂ થાય તે પહેલાં, હરિયાળી ક્રાંતિ અંતર્ગત નક્કી કરાયેલા વન્ય વિસ્તારો અને જરૂરિયાત મુજબની જગ્યાઓ પર આ સિડ્ઝ-બોલની વૈજ્ઞાનિક ઢબે વાવણી કરવામાં આવશે, જે ભવિષ્યમાં જામનગર પંથકને વધુ લીલોછમ અને પર્યાવરણયુક્ત બનાવવામાં સિંહફાળો આપશે.

### પશ્ચિમ રેલવેના

(પાના નં. ૩ થી આગળ)

ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જાળવણી અને કર્મચારીઓના કલ્યાણ સંબંધિત વિવિધ પાસાઓની પણ સમીક્ષા કરી હતી. મહાપ્રબંધકે રેલવે કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની પ્રશંસા કરી હતી અને સેફ્ટી, કાર્યક્ષમતા તેમજ મુસાફરોને કેન્દ્રમાં રાખીને અપાતી સેવાઓના ઉચ્ચ માપદંડો જાળવી રાખવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) શ્રી ગિરિરાજ કુમાર મીના, સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીના સહિત ડિવિઝનના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દારૂના દરોડા

(પાના નં. ૩ થી આગળ)

ચેતન કોળી (રહે. ગુલાબનગર, જામનગર) ફરાર હોવાનું જાહેર થયું છે.

વધૂમાં શહેરના દીગજામ સર્કલ નજીક ખુલ્લા ફાટક નજીક બાવરીવાસમાં પોલીસે રૂખમણીબેન મુખરજીના મકાનેથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપીને પાંચ લીટર દેશી દારૂ અને પંદર લીટર આથો સહિત રૂ. ૧,૩૭૫નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. હનુમાન ટેકરી શેરી નં. ૧ ખાતે લીલાબેન લખધભાઈ ડાભીના મકાનેથી દસ લીટર દેશી દારૂ અને વીસ લીટર આથો સહિત રૂ. ૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વધૂમાં ખંભાલીડા ગામે વિશ્વરાજસિંહ અશોકસિંહ જાડેજાના વાડામાંથી દારૂના સાત ચપટા કબ્જે કરવામાં આવ્યા હતા. રૂ. ૭૦૦ના મુદ્દામાલ કબ્જે કરાયો હતો અને આરોપીને ફરાર જાહેર કરાયો છે.

### જુગાર રમતા પાંચ

(પાના નં. ૩ થી આગળ)

૨૯,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ આરોપીઓની અટકાયત કરી તેમની સામે જુગાર ધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી શેઠવડાળા પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ એન.એન. આસાણી તથા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

### ઈલેક્ટ્રિક બસ

(પાના નં. ૧ થી આગળ)

શહેરને સ્વચ્છ, સુંદર તેમજ હરિયાળું રાખવા માટે 'ગ્રીન એનર્જી'ના આ મહા-અભિયાનમાં જોડાવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

### પત્રકાર પરિષદ

(પાના નં. ૧ થી આગળ)

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ ૧૨ વર્ષના સુશાસન અને વિકાસની સફરને વધુ મજબૂત બનાવવા માટે તેમજ પ્રકૃતિના રક્ષણ કાજે 'જિલ્લા હોમગાર્ડઝ જામનગર' પણ આ ભગીરથ કાર્યમાં સંપૂર્ણ ઉત્સાહ સાથે સહભાગી બન્યું છે. હોમગાર્ડઝના જવાનો દ્વારા હરિયાળી ક્રાંતિ લાવવાના મક્કમ ઈરાદા સાથે ૧૨,૦૦૦ થી વધુ જુદી જુદી જાતના વૃક્ષોના 'સિડ્ઝ-બોલ' તૈયાર કરવામાં આવ્યા છે.

શહેરમાં યોજાયેલા એક જાહેર કાર્યક્રમ દરમિયાન જામનગર મહાનગરપાલિકાના પદઅધિકારીઓ માટે સ્ટેજ પ્રોગ્રામ વખતે બેસવાની યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે પ્રોટોકોલનો ભંગ થતાં નારાજગી જોવા મળી હતી. પોતાની બેઠક વ્યવસ્થા ન હોવાથી નારાજ થયેલા પદઅધિકારીઓ માત્ર બે જ મિનિટમાં કાર્યક્રમ છોડીને બહાર ચાલ્યા ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક ધારાસભ્યએ તાત્કાલિક ટેલિફોનિક સંપર્ક કરીને તેમને પાછા બોલાવ્યા હતા. ત્યારબાદ તાબડતોબ ખુરશીઓની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી અને થોડી જ વારમાં પદઅધિકારીઓને આદરપૂર્વક સ્ટેજ ઉપર પણ બેસાડવામાં આવ્યા હતા, જેથી આખરે સમગ્ર મામલો થાળે પડ્યો હતો.

### ખેડૂત રેલીમાં ભંગાણ

(પાના નં. ૧ થી આગળ)

બોલાચાલી અને જાહેર તકરાર થઈ હતી; જેના જવાબમાં પાલ આંબલિયાએ પોતે ખેડૂતના ઘરે જન્મ્યા હોવાનું કહી કોઈને ખોટી રીતે ઉશ્કેરવાનો ઇનકાર કર્યો હતો. ખેડૂતોની ઓછી હાજરી વચ્ચે નેતાઓ અને આગેવાનોની આ આંતરિક લડાઈને કારણે મૂળ પ્રશ્નો બાજુ પર રહી ગયા હતા અને સમગ્ર ઘટનાએ મોટો રાજકીય રંગ પકડ્યો છે.

### બોટાદની જેમ ખેડૂતો

(પાના નં. ૧ થી આગળ)

વેરવિખેર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ખેડૂતોની ટ્રેક્ટર રેલી ગાંધીનગરમાં પ્રવેશ ન કરી શકે તે માટે પોલીસ તંત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ ખેડૂતો દ્વારા શાંતિપૂર્ણ રીતે રેલી યોજી પોતાની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, ખેડૂતોના દાવા મુજબ રાજકીય હસ્તક્ષેપના કારણે સમગ્ર કાર્યક્રમનું વાતાવરણ બગડ્યું હતું.

અહેવાલો અનુસાર કેટલાક સ્થળોએ ખેડૂતો અને રાજકીય પક્ષોના કાર્યકરો વચ્ચે બોલાચાલી અને તણાવની સ્થિતિ સર્જાઈ હતી. ખેડૂતોના આગેવાનોનું કહેવું છે કે અગાઉ બોટાદમાં યોજાયેલા આંદોલન દરમિયાન પણ ખેડૂતોને ઉશ્કેરવાના પ્રયાસો થયા હતા, જેના કારણે પરિસ્થિતિ બગડી હતી અને બાદમાં પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

કાર્યક્રમ મુજબ ખેડૂતો ગાંધીનગર પહોંચ્યા બાદ આરામ કરીને પ્રતિનિધિમંડળ મારફતે રાજ્ય સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરવાના હતા. પરંતુ ખેડૂતોના દાવા અનુસાર રાજકીય પક્ષોની દખલગીરીને કારણે સમગ્ર આયોજન ખોરવાઈ ગયું હતું અને ખેડૂતોના પ્રશ્નોને યોગ્ય રીતે રજૂ કરવાની તક પણ મર્યાદિત બની ગઈ હતી.

ખેડૂતોની મુખ્ય માંગણીઓમાં પાકના યોગ્ય ભાવ, સિંચાઈ અને વીજળી સંબંધિત પ્રશ્નો, ખેતી માટે જરૂરી સહાય તેમજ ખેડૂતોને લગતા અન્ય પ્રશ્નોના તાત્કાલિક ઉકેલની માંગનો સમાવેશ થાય છે. ખેડૂતોનું કહેવું છે કે તેમની લડત કોઈ રાજકીય પક્ષ સામે નહીં, પરંતુ પોતાના હકો અને હિતોની રક્ષા માટે છે. આ સમગ્ર ઘટનાક્રમને લઈને રાજ્યના રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે, જ્યારે ખેડૂતોના સંગઠનો દ્વારા આગામી દિવસોમાં વધુ બેઠક યોજી આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### તમાચાઓનો વરસાદ

(પાના નં. ૧ થી આગળ)

સામનો કરતી અન્ય સમસ્યાઓ જેવા મુખ્ય યુવા મુદ્દાઓ સામે એક મોટા વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા આવ્યા હતા. આ ઘટનાએ અંધાધૂંધી મચાવી ત્યારે મોટી સંખ્યામાં યુવાનો અને વિરોધ સ્થળ પર એકઠા થયા હતા. દીપકને થપ્પડ માર્યા પછી તરત જ શહીદ સ્મારક ખાતે હાજર પ્રદર્શનકારીઓનો ગુસ્સો ફાટી નીકળ્યો.

ગુસ્સે ભરાયેલા ટોળાએ પીડિતને થપ્પડ મારનાર વ્યક્તિને પકડી લીધો અને તેને માર માર્યો. ઘટનાસ્થળે તૈનાત પોલીસ કર્મચારીઓએ પરિસ્થિતિને ઝડપથી કાબુમાં લીધી. તેમણે આરોપીને વિરોધીઓથી બચાવ્યો અને તેની અટકાયત કરી. પોલીસ હાલમાં આરોપીની ઘટના પાછળના હેતુ વિશે પૂછપરછ કરી રહી છે. તણાવપૂર્ણ વાતાવરણને કારણે વિરોધ સ્થળ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. પ્રદર્શનમાં ભાગ લેનારા યુવાનોનો ગુસ્સો સીધો કેન્દ્ર સરકાર અને શિક્ષણ મંત્રાલય સામે હતો. યુવાનોએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરતા સૂત્રોચ્ચાર કર્યા. અગાઉ વિરોધ કરી રહેલા યુવકોએ પોતાનો વિરોધ વ્યક્ત કરવા માટે શહીદ સ્મારકના મુખ્ય દરવાજા પર એક વંદોનો મોટો સ્કેચ બનાવ્યો હતો અને તેની સાથે ''ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપો!'' સૂત્ર લખ્યું હતું. આ અનોખું પ્રદર્શન ત્યાં હાજર લોકોમાં આકર્ષણ અને ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું.

### ભારત અને શ્રીલંકા

(પાના નં. ૧ થી આગળ)

બાદ વિજેતા નક્કી કરવા માટે થર્ડ અમ્પાયરે હસ્તક્ષેપ કરીને સુપર ઓવર રમાડવાનો નિર્ણય આપ્યો હતો.

મેચ ટાઈ થતાં જ ભારતીય કેપ્ટન તિલક વર્મા મેદાન પર ખરાબ પ્રકાશ (લાઈટ) અને સુપર ઓવરના નિયમો અંગે મેદાની અમ્પાયર સાથે ઉગ્ર ચર્ચા અને દલીલો કરતો સ્ક્રીન પર દેખાયો હતો. ડ્રામા અહીં જ ન અટક્યો, સુપર ઓવરમાં શ્રીલંકાની બેટિંગ દરમિયાન છેલ્લો બોલ નો-બોલ છે કે નહીં તે મુદ્દે મોટો વિવાદ થયો અને લાંબા રિવ્યુ બાદ થર્ડ અમ્પાયરે તેને નો-બોલ આપ્યો હતો. શ્રીલંકાએ સુપર ઓવરમાં ભારતને ૧૭ રનનો ટાર્ગેટ આપ્યો ત્યારે પણ તિલક વર્માએ ખરાબ લાઈટની ફરિયાદ કરતાં અમ્પાયરે લાઈટ મીટરથી તપાસ કરવી પડી હતી.

# જામનગરના ટાઉનહોલમાં બે દિવસીય જન કલ્યાણ સેવા-સેતુ શિબિરનો પ્રારંભ







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ સત્તાકાળના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે જામનગર શહેર અને જિલ્લામાં વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેના ભાગરૂપે જામનગરના ટાઉનહોલ ખાતે તા. ૧૫ અને ૧૬ જૂન દરમિયાન બે દિવસીય જન કલ્યાણ સેવા-સેતુ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા વહીવટી તંત્ર અને જામનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ શિબિરમાં શહેરના ૧૬ વોર્ડના નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ તથા સેવાઓનો લાભ એક જ સ્થળે મળી રહેશે.

તા. ૧૫ જૂન, સોમવારે સવારે ૯:૩૦ કલાકથી સાંજે ૫:૦૦ કલાક સુધી વોર્ડ નં. ૧ થી ૮ના નાગરિકો માટે તથા તા. ૧૬ જૂન, મંગળવારે વોર્ડ નં. ૯ થી ૧૬ના નાગરિકો માટે સેવા-સેતુ કાર્યક્રમ યોજાશે. શિબિરમાં આધાર કાર્ડની નોંધણી તેમજ સુધારા-વધારા, રાશન કાર્ડ સંબંધિત કામગીરી, જાતિના પ્રમાણપત્રો, કુંવરબાઈનું મામેરું સહાય યોજના, દિવ્યાંગ પ્રમાણપત્ર, નમો શ્રી યોજના, આયુષ્યમાન ભારત કાર્ડ, જન્મ-મરણ પ્રમાણપત્ર, વીજ જોડાણ માટેની અરજીઓ, આધાર કાર્ડને બેંક ખાતા સાથે જોડવાની પ્રક્રિયા સહિત વિવિધ સેવાઓ ઉપલબ્ધ રહેશે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, જનધન યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, પીએમ સ્વનિધિ યોજના, વિધવા સહાય યોજના સહિતની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન અને લાભ પણ આપવામાં આવશે. જિલ્લા તંત્ર અને મહાનગરપાલિકાએ જામનગર શહેરના નાગરિકોને આ જન કલ્યાણ સેવા-સેતુ શિબિરનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના વિકાસને બિરદાવવા જામનગર જિલ્લા હોમગાર્ડઝનો અનોખો પ્રયાસઃ ૧૨,૦૦૦ થી વધુ સિડ્ઝ-બોલ તૈયાર કરાયા

## કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાના માર્ગદર્શન હેઠળ વિવિધ યુનિટોની ટીમવર્કઃ તમામ સિડ્ઝ-બોલ વન વિભાગને સુપ્રત કરાશે





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**


ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના અવિરત ૧૨ વર્ષના શાસન અને કરોડો સામાન્ય માનવીના દિલમાં વસેલા અતુટ વિશ્વાસને વાગોળવા તેમજ દેશમાં ચાલી રહેલી વિકાસની સફરમાં સહભાગી થવા માટે જિલ્લા હોમગાર્ડઝ જામનગર સંપૂર્ણ રીતે તૈયાર થયું છે. વડાપ્રધાનશ્રીના આ ૧૨ વર્ષના સુશાસન અને વિકાસ પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવાના આશયથી, તેમજ પર્યાવરણની સુરક્ષા અને હરિયાળી ક્રાંતિના ભાગ રૂપે જામનગર જિલ્લા હોમગાર્ડઝ દ્વારા એક ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત હોમગાર્ડઝના જવાનો દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવીને ૧૨,૦૦૦ થી વધુ જુદી જુદી જાતના વૃક્ષોના 'સિડ્ઝ-બોલ' (બીજની નાની ગોટીઓ) તૈયાર કરવામાં આવ્યા છે. પ્રકૃતિના જતન માટેના આ સરાહનીય પ્રોજેક્ટમાં સરગવો, લીમડો, ખેર, ગોરસ આંબલી, હરમો, વડલો, જાંબુડી, પીપળો અને ગુલમોહર જેવા પર્યાવરણ માટે અત્યંત ઉપયોગી અને છાંયડો આપતા વૃક્ષોના સિડ્ઝ-બોલનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સિડ્ઝ-બોલની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ચીકણી કાળી માટી સાથે જામનગર મહાનગરપાલિકા (ઉંખઈ) ના વિશેષ સહયોગથી ઉત્તમ પ્રકારનું છાણિયું ખાતર પણ ઉમેરવામાં આવ્યું છે, જેથી ચોમાસા દરમિયાન તેનો આસાનીથી ઉછેર થઈ શકે.

આ વિશાળ પર્યાવરણીય અભિયાનને સફળ બનાવવા માટે જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાના સીધા માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લાના વિવિધ હોમગાર્ડઝ યુનિટોએ રાત-દિવસ એક કરીને કામગીરી કરી છે. જેમાં કાલાવડ યુનિટના ઓફિસર રામભાઈ મેવાડા અને તેમની ટીમ, જોડિયા યુનિટના ઓફિસર હિતેન્દ્રગીરી ગોસ્વામી અને તેમની ટીમ, તેમજ ધ્રોલ યુનિટના ઓફિસર જે. કે. પરમાર અને તેમની ટીમ દ્વારા પ્રશંસનીય યોગદાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, જામનગર શહેર યુનિટના ત્રણેય ઓફિસરો સર્વશ્રી જયેશ રાણા, હિમાંશુ પુરોહિત, પ્રેક્ષાબેન ભટ્ટ તેમજ કૈલાસ જેઠવા અને જીગ્નેશ ચૌહાણ સહિતના અધિકારીઓ-જવાનોએ આ સિડ્ઝ-બોલ બનાવવામાં ભારે જહેમત ઉઠાવી છે. હોમગાર્ડઝ દળ દ્વારા તૈયાર કરવામાં આવેલા આ ૧૨,૦૦૦ થી વધુ સિડ્ઝ-બોલ આગામી દિવસોમાં જામનગર વન વિભાગને સુપ્રત કરવામાં આવશે. જામનગર વન વિભાગ દ્વારા

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ધાબળિયું વાતાવરણ વાદળોમાં વારંવાર ઢંકાતા સૂરજદેવ

**સમય સંદેશઃ જામનગર**



જામનગર શહેર અને જિલ્લામાં ગઈકાલે હવામાનમાં નોંધપાત્ર પલટો જોવા મળ્યો છે. સવારથી જ આકાશમાં કાળા અને સફેદ વાદળોના આટા-ફેરા જોવા મળી રહ્યા છે. સૂર્યદેવ પણ વાદળોની પાછળ સંતાકૂકડી રમતા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે શહેરમાં ધૂપ-છાંવ જેવો માહોલ અનુભવાઈ રહ્યો છે.

છેલ્લા કેટલાક દિવસોથી ઉકળાટભર્યા વાતાવરણ અને ગરમીથી લોકો પરેશાન હતા, પરંતુ આજે પવનની દિશા અને વાતાવરણમાં આવેલા ફેરફારને કારણે ગરમીમાં આંશિક રાહત અનુભવાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી હોવાથી જામનગર શહેર તેમજ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં અથવા હળવા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સામાન્ય રીતે દરરોજ ૩૦ થી ૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનો આજે ધીમા પડી ગયા છે. પવનની ગતિમાં ઘટાડો થતાં વાતાવરણમાં દબાણની સ્થિતિ સર્જાઈ રહી હોવાનું પણ હવામાન નિરીક્ષકો માની રહ્યા છે. આ પરિસ્થિતિ આગામી દિવસોમાં વરસાદ માટે અનુકૂળ બની શકે છે. આજે તા.૧૫ જૂન, ૨૦૨૬ના રોજ જામનગરમાં મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૮.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

હવામાં ભેજનું પ્રમાણ ૬૭ ટકા રહ્યું હતું, જ્યારે પવનની ગતિ ૧૬.૫ કિલોમીટર પ્રતિ કલાક નોંધાઈ હતી. હાલના વાદળછાયા વાતાવરણ અને વધતા ભેજને કારણે વરસાદી માહોલ સર્જાયો છે. જો આગામી કલાકોમાં વાદળોની ઘનતા વધશે તો શહેર તથા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદના ઝાપટાં પડવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

# જામનગર પંથકમાં પાંચ સ્થળે દારૂના દરોડા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં પોલીસે જડેશ્વર પાર્ક, રાજ પાર્ક, ખંભાલીડા ગામ સહિતના જુદા જુદા પાંચ સ્થળે દરોડા પાડી દેશી, અંગ્રેજી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. આ દરમિયાન એક આરોપી મળી આવ્યો હતો.

સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં જડેશ્વર પાર્ક પાસે મારૂતિનંદન રેસીડન્સીના પાર્કિંગમાંથી દારૂ અને બીયરના ૧૦૮ ટીન મળી કુલ રૂ. ૬૦,૭૯૨નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન આરોપી હાજર ન મળતા પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસ તેજ બનાવી છે.

આ સિવાઈ સિટી એ ડિવિઝન પોલીસે રાજ પાર્ક સામે ઇદ્રીશપીરની દરગાહ પાસે કારમાંથી દારૂની ૧૦૬ બોટલ અને ચપટા મળી કુલ રૂ. ૧,૪૬,૫૩૨નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં અંકિતભાઈ ઉર્ફે બલુ મુકેશભાઈ બારોટ (રહે. અંધાશ્રમ આવાસ કોલોની, જામનગર)ને ઝડપી લેવામાં આવ્યો છે, જ્યારે

અનુ પાના નં.૨ પર

# કાલાવડના કોર્પોરેટરને વોટ્સએપ કોલમાં દિકરાના અપહરણની ધમકી

**સમય સંદેશઃ કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડમાં વોર્ડ નંબર ૩ ના કોંગ્રેસના કોર્પોરેટરને પુત્રના અપહરણની ધમકી મળતા ચકચાર મચી છે. કાલાવડના કુંભનાથપરા,ક્રિષ્ના ટાઉનશીપ-૧,માં રહેતા અને ખેડુતોની જણસીનો વેપાર કરતાં અને કાલાવડ નગરપાલીકામાં વોર્ડ નં.૩ માં વિરોધ્ધ પક્ષના કોર્પોરેટર તરીકે સેવા આપતા પરસોતમભાઈ મગનભાઈ હીરપરાએ આરોપી અલ્પેશ વીનુભાઈ ડોબરીયા સામે કરેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર ફરિયાદીને વોટ્સએપમાં આવેલી દંપતી પર હુમલો કરનાર ૪ આરોપીઓને કોર્ટની સજાની ફોટા સહીતની પોસ્ટ તેઓએ ફેસબુકમાં સ્ટોરીમાં રાખી હતી.

ત્યારબાદ બપોરે અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો અને કહ્યું કે તમે ફેસબુકમાં રાખેલી સ્ટોરી ડીલેટ મારી દો. ફરિયાદીએ ના પાડતા આરોપીએ ગાળો આપી ધમકી સાથે કહ્યું કે, તારા છોકરા કયા ભણે છે તેની મને ખબર છે હું તેણે ઉપાડી લઈશ... ફરિયાદી ફોન નંબરની તપાસ કરતાં આરોપી અલ્પેશ વીનુભાઈ ડોબરીયાના નંબર હોવાનું સામે આવ્યું હતું. બાદમાં એવો પણ કોલ આવ્યો કે તું અત્યારે જ ફરીયાદ કરી દે. ફરિયાદ કર્યા પછી તું ક્યાં જઈશ? તેવી ધમકી આપી હતી. જેના આધારે કાલાવડ પોલીસે તપાસ આરંભી છે.

# સંગચિરોડા ગામેથી ગંજીપત્તાથી જુગાર રમતા પાંચ શખ્સ ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

શેઠવડાળા પોલીસને મળેલી બાતમીના આધારે સંગ ચિરોડા ગામમાં શૈલેષસિંહ લખુભા પરમારના રહેણાક મકાન સામે શેરીમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે જાહેરમાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા હોવાની જાણ થતાં પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન લઘધીરસિંહ દેવુભા ચાવડા, રામદેભાઈ બાબુભાઈ ધ્રાંગુ, જયરાજસિંહ બાલુભા ચાવડા, કાનજીભાઈ રણમલભાઈ ઝિંઝુવાડીયા અને દેવશીભાઈ નરશીભાઈ સરધારા નામના પાંચ શખ્સો ગંજીપત્તાના પાનાંથી તીનપત્તી રોન નામનો જુગાર રમી પૈસાની હારજીત કરતા ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રૂ. ૨૯,૮૦૦ની રોકડ રકમ, ગંજીપત્તાના ૫૨ પાનાં તથા પાથરણું કબ્જે કરી કુલ રૂ.

અનુ પાના નં.૨ પર

# જામનગર સંધી મુસ્લિમ સમાજનો ભવ્ય વિદ્યાર્થી સન્માન સમારોહ, ૪૧૫ વિદ્યાર્થીઓનું કરાયું બહુમાન

## ટાઉનહોલમાં શિક્ષણ અને પ્રગતિનો ઉત્સવ; ટ્રસ્ટે ત્રણ વર્ષના હિસાબો રજૂ કરી પારદર્શિતાનો દાખલો બેસાડ્યો





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર સંધી મુસ્લિમ સમાજ ટ્રસ્ટ દ્વારા ટાઉનહોલ ઓડિટોરિયમ ખાતે 'આપણો સમાજ, આપણી ઓળખ'ના સૂત્ર સાથે વિદ્યાર્થી સન્માન સમારોહ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના કુલ ૪૧૫ તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ડો. રજાકભાઈ હિંગોરા, હાજી મહમદભાઈ સમા, સેઝાન ચૌહાણ, મેરુનબેન દલ, અસરફ નોયડા, શકીલભાઈ નોયડા, મુબારક મંધરા, જાહિદ મહમદ નોયડા, શેરમહમદભાઈ નોયડા, મકસુદભાઈ નોયડા તેમજ ઇકબાલભાઈ હાલા, હાજીભાઈ હિંગોરા, ઈદ્રીશભાઈ ભટ્ટી, ફિરોજભાઈ સોઢા, અનવરભાઈ ગર્જ્ઝણ, એડવોકેટ દાઉદભાઈ સમા, અહેમદભાઈ દલ, અબ્દુલ રહેમાનભાઈ સોઢા, ઈરફાનભાઈ હાલા, પૂર્વ કોર્પોરેટર ફેમીદાબેન જુણેજા, રોજમીનબેન સમા, મેરુનબેન દલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ વિદ્યાર્થીઓને શિક્ષણ, કારકિર્દી અને સમાજસેવાના ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સમાજના ૮ દીકરા-દીકરીઓએ શિક્ષણ અને સામાજિક જવાબદારીઓ અંગે પ્રેરણાત્મક સંબોધન કરીને ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા. તેમના વિચારોને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન અલ્વીરાબેન સમા, રમઝાનભાઈ નોયડા (એનજીઓ માસ્ટર ટ્રેનર, SIRD-SPIPA) અને જાહિદભાઈ નોયડા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ હાજી રિઝવાન જુણેજાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, શિક્ષણ એ સમાજના વિકાસનું સૌથી શક્તિશાળી સાધન છે. આજે ૪૧૫ વિદ્યાર્થીઓનું સન્માન કરીને સમાજની નવી પેઢીને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ટ્રસ્ટ દ્વારા પારદર્શિતા જળવાઈ રહે તે માટે છેલ્લા ત્રણ વર્ષના હિસાબો અને વિવિધ કામગીરીનો અહેવાલ પણ સમાજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. સમાજના સહકારથી ભવિષ્યમાં પણ આવા લોકહિતના કાર્યો ચાલુ રહેશે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ હાજી રીઝવાનભાઈ જુણેજાના માર્ગદર્શન હેઠળ સેક્રેટરી શકીલભાઈ સમા, હાજીઈરફાનભાઈ નોયડા,હુશેનભાઈ નોયડા, હાજી હસનભાઈ કુરેશી, રહીમભાઈ સોઢા, મકસુદભાઈ સોઢા,ઈમરાનભાઈ જોખીયા, અયુબભાઈ જોખીયા, શબ્બિરભાઈ ચૌહાણ, આકિબભાઈ જોખીયા, સાહિલભાઈ જોખીયા, સાહિલભાઈ કુરેશી સહિતના ટ્રસ્ટીઓ અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

અંતમાં ટ્રસ્ટ દ્વારા તમામ મહેમાનો, આગેવાનો, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સમાજજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને સમાજ વધુ શિક્ષિત, સંગઠિત અને પ્રગતિશીલ બને તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. શિક્ષિત સમાજ, સંગઠિત સમાજ એ જ ઉજ્જ્વળ ભવિષ્યનો પાયો છે.

# વાહન અકસ્માતની બે ઘટનામાં બે વ્યક્તિને પહોંચી ગંભીર ઈજા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ફલ્લા ગામે રહેતા હિતેશભાઇ રમેશભાઇ બોડા તા.૨૭/૦૪ના સાંજે બાઇક લઇને રાજકોટ હાઇ-વે રોડ પર ચીકુડી વાડી નજીક ફલ્લા ગામ તરફ જવાના રસ્તેથી પસાર થઇ રહ્યા હતા. ત્યારે સામેથી રોંગ સાઇડમાં આવતા બુલેટના ચાલકે ફરિયાદીના બાઇક સાથે બુલેટ અથડાવી અક્સમાત સર્જ્યો હતો. માર્ગ પર પટકાઈ પડેલા હિતેશભાઇને માથામાં હેમરેજ, નાક અને મોઢામાં ગંભીર ઇજા અને ડાબી આંખ ગુમાવવાનો વારો આવ્યો હતો. જે મામલે પંચકોષી એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી આગળ ધપાવી છે.

અન્ય એક અકસ્માતની વિગત અનુસાર રાજકોટના શીતલ પાર્ક, મોચીનગર-૬માં રહેતા મંજુલાબેન રમેશભાઇ લાઠીયા (ઉ.વ.૬૮) નામના વૃદ્ધા ઝાંખર ગામે પ્રસંગમાં આવ્યા હતા જે રાજકોટ જવા માટે જામનગર એસટી બસ સ્ટેશન અંદર ઉભા હતા. ત્યારે ખંભાળિયા-અમદાવાદ એક્સપ્રેસ રૂટની બસના ચાલકે બેફામ સ્પીડે બસ ચલાવી મંજુલાબેનને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં નીચે પટકાઇ પડતાં મંજુલાબેન પગમાં ઈજા પહોંચી હતી.

આથી સ્થાનિક લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં ડોક્ટરોએ ડાબા પગમાં આશરે ૨૫ ટાંકા લેવા પડ્યા હતા. જે મામલે પોલીસે એસટી બસ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ સર્જાયેલા આ અકસ્માત મામલે ચાલક સાથે સમાધાન ન થતાં ફરિયાદ મોડી નોંધાઈ હોવાનું નોંધાયું છે.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે રાજકોટ-ઓખા રેલખંડનું સેફ્ટી નિરીક્ષણ કર્યું

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (જનરલ મેનેજર) શ્રી રામાશ્રય પાંડેએ રાજકોટ-ઓખા રેલવે સેક્શનનું વિન્ડો ટ્રેલિંગ સેફ્ટી નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે કાનાલુસ રેલવે સ્ટેશનની પણ મુલાકાત લીધી હતી અને ત્યાં ઉપલબ્ધ મુસાફરોની સુવિધાઓ તેમજ રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સમીક્ષા કરી હતી. વિન્ડો ટ્રેલિંગ સેફ્ટી નિરીક્ષણ દરમિયાન મહાપ્રબંધકે રાજકોટ-ઓખા રેલવે સેક્શનમાં રેલ ટ્રેકની સ્થિતિ, ઓપરેશનલ કાર્યક્ષમતા અને વિવિધ સેફ્ટી માપદંડોનું વિગતવાર મૂલ્યાંકન કર્યું હતું. તેમણે રેલ સંચાલનની સેફ્ટી અને ગુણવત્તા સંબંધિત વિવિધ પાસાઓની સમીક્ષા કરી હતી.

નોંધનીય છે કે નિયમિત સેફ્ટી નિરીક્ષણ સુરક્ષિત, વિશ્વસનીય અને અવિરત રેલ સંચાલન સુનિશ્ચિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આવા નિરીક્ષણો દ્વારા રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ગુણવત્તા જાળવી રાખવાની સાથે-સાથે મુસાફરોની સેફ્ટી પ્રત્યે પશ્ચિમ રેલવેની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બને છે.

કાનાલુસ રેલવે સ્ટેશનના નિરીક્ષણ દરમિયાન મહાપ્રબંધકે સ્ટેશનના ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ, મોડ્યુલર શૌચાલય, રનિંગ રૂમ સહિતની અન્ય મહત્વપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્ટેશન પરિસરની સ્વચ્છતા, મુસાફરોની સુવિધાઓની ઉપલબ્ધતા,

અનુ પાના નં.૨ પર

# જામનગરના સુપ્રસિદ્ધ કુબેર ભંડારી મંદિરે ભક્તોની લાંબી કતારો

## પરષોત્તમ માસની સોમવારી અમાસ નિમિત્તે જામનગરની ધર્મપ્રેમી જનતા હજારો શ્રદ્ધાળુઓ વહેલી સવારથી જ ઉમટી પડી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં પરષોત્તમ માસની સોમવારી અમાસ નિમિત્તે ભક્તિમય માહોલ જોવા મળ્યો. હિન્દુ ધર્મમાં અમાસના દિવસનું વિશેષ ધાર્મિક મહત્વ રહેલું છે. પંચેશ્વર ટાવર પાસે આવેલા સુપ્રસિદ્ધ કુબેર ભંડારી મહાદેવ મંદિરે વહેલી સવારથી જ હજારો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. શિવભક્તો ભગવાન ભોળાનાથના આશીર્વાદ મેળવવા માટે વહેલી સવારથી જ મંદિરે પહોંચી ગયા હતા. કુબેર ભંડારી મહાદેવના



તસવીરઃ હિરેન ગાંધી

દર્શન અને જલાભિષેક કરવા માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના જયઘોષથી મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. ધાર્મિક માન્યતા અનુસાર, અમાસના દિવસે કુબેર ભંડારી મહાદેવના દર્શન કરવાથી સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે, તેમજ દાન-પુણ્યનું ફળ અક્ષય રહે છે. ભક્તોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને, મંદિર પ્રશાસન અને સ્થાનિક સેવાભાવી કાર્યકરો દ્વારા

અનુ પાના નં.૨ પર

# શિક્ષકોને પૈસા ભૂખ્યા ગણાવતા કૃષિમંત્રીના નિવેદનનો વિરોધ

## ગોધરાના કાર્યક્રમમાં આઠમાં પગારપંચની દુહાઈ આપી કરેલાં વિવાદાસ્પદ નિવેદનને વખોડી કાઢતું ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘ

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત સરકારના કૃષિ રાજ્યમંત્રી રમેશભાઈ કટારાએ ગોધરા ખાતે એક જાહેર કાર્યક્રમમાં શિક્ષકોના પગાર વધી ગયા છે અને આઠમા પગાર પંચ આવી ગયુ છે છતાં પણ શિક્ષકોની પૈસાની ભૂખ ભાંગતી નથી જ્યારે અગાઉ ૫૦૦ થી હજાર રૂપિયામાં નોકરી કરતા. હાલના શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવવા કરતા મોબાઈલ પર વધુ જોવા મળી રહ્યા છે આવું જાહેર નિવેદન આપી રાજ્યના ત્રણ લાખ જેટલા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોનું અમૂલ્યન કરેલૂ છે. શિક્ષકોને ચૂકવતા પગાર કે લાગુ પડતું પગાર પંચ એ કોઈ દાન કે ધર્માદો નથી. સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષથી પ્રાથમિક શિક્ષકોને અનેક ઓનલાઈન કામગીરી આપવામાં આવે છે શિક્ષકોને બીએલઓ એસઆઇઆર વસ્તી ગણતરી સહિતની કામગીરી ઓનલાઇન કરવાની હોય છે ઉપરાંત વિદ્યાર્થીઓના માર્ક થી માંડીને પરિણામ પત્રકો પણ ઓનલાઇન બનાવવાના હોય છે.

આ ઉપરાંત સરકારશ્રીની તમામ સૂચનાઓ પણ ટેલીફોનિક અને સોશિયલ મીડિયાના માધ્યમથી મળતી હોય છે ત્યારે શિક્ષકોને મજબૂરી વસ પોતાના પર્સનલ મોબાઈલ સરકારી કામ માટે વાપરવા સરકાર દ્વારા ફરજ પાડવામાં આવે છે. શિક્ષકોના પગાર એ વધતી જતી મોંઘવારી સાથે વધતા હોય છે પગારની સરખામણી કરીને શિક્ષકોના સમાન ઉપર પ્રહાર કરવો ગેર વ્યાજબી છે ગુજરાત રાજ્ય સરકારના ધારાસભ્યશ્રીઓ અને સરકારના મંત્રીશ્રીઓને પણ લાખો રૂપિયાના કિમતી બંગલા સરકાર ટોકન ભાડે આપી રહી છે .

ઉપરાંત પગાર ભથ્થાઓ અને અન્ય સગવડો પણ આપે છે જો ધારાસભ્યોના પગાર વધે ત્યારે શિક્ષકો વિરોધ કરતા નથી તો પછી શિક્ષકોના પગારથી સરકારના મંત્રીને વિરોધ

અનુ પાના નં.૨ પર

# ખંઢેરાની સીમમાંથી કોપર કેબલની ચોરી મામલે બે આરોપી ઝડપાયા

## આરોપીના કબ્જામાંથી ચોરાઉ મુદ્દામાલ તથા બાઈક કબ્જે લેતી પોલીસ



**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકે ચોરી મામલે જતીનભાઇ પ્રવિણભાઇ કપુરીયા (ઉ.વ.૩૨ રહે નાગપુર ગામ તા.કાલાવડ, હાલ રહે ક્રિષ્ના-૨ પ્રભુજીપીપળીયા રોડ, કાલાવડ)એ કરેલી પોલીસ ફરિયાદ અનુસાર તેઓની ખંઢેરામાં આવેલી ૧૦ વીઘા જમીનમાં પિયત માટે ફુલઝર-૧ નદીમાં મોટર મૂકી આશરે ૨૫૦ ફૂટનો કોપર કેબલ વાયર પાથરવામાં આવ્યો હતો. ગત ૧૧ જૂનની રાત્રે વીજ પુરવઠો બંધ થતાં તેઓ ઘરે પરત ફર્યા હતા. બીજા દિવસે તપાસ કરતા નદીમાં મોટરથી સ્ટાર્ટર સુધી પાથરેલો આશરે ૨૫૦ ફૂટ કેબલ વાયર કોઈ ધારદાર હથિયારથી કાપી ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું.

પૂછપરછમાં પંકજભાઈ રણછોડભાઈ કપુરીયા, રવજીભાઈ ડાયાભાઈ કપુરીયા, રમેશભાઈ દેવજીભાઈ કપુરીયા, વ્રજેશભાઈ જેરામભાઈ કાનાણી અને ગીરધરભાઈ ગોરધનભાઈ કપુરીયાના પણ કેબલ વાયરની ચોરી થયાનું નોંધાયું હતું. પોલીસે ૧૮,૯૦૦ની કિંમતના ૬૩૦ ફૂટ કેબલ વાયર ચોરીની ફરિયાદના આધારે તપાસ શરૂ કરી કેસનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે ધીરૂ ઉર્ફે બંસીભાઈ મનજીભાઈ વાઘેલા (ઉ.વ. ૪૧ ધંધો મજુરી રહે, મુળ દેરાળા તા.ગઢડા જી.બોટાદ હાલ રહે, ખંઢેરા સીમ વરૂડી ગામના પાટીયે તા.કાલાવડ) અને પિન્ટુ મુકેશભાઇ પરમાર (ઉ.વ. ૨૧ ધંધો મજુરી રહે, મુળ ગુલાબનગર અલીશાપીરની દરગાહ પાછળ જામનગર જી.જામનગર હાલ રહે, ખંઢેરા સીમ વરૂડી માતાના પાટીયે તા કાલાવડ જી.જામનગર) ને પકડી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી રૂ.૧૮૯૦૦ ની કિંમતનો ૨૦ કિલો કોપર કેબલ વાયર, એક બાઈક, ગુન્હામાં ઉપયોગ કરેલ કુહાડો, બે મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# મોડપર પાટિયા પાસેથી વોચ દરમિયાન પિસ્તોલ સાથે નિકળેલ શખ્સને દબોચી લેતી એલસીબી


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં એલ.સી.બી.ના પોલીસ ઇન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ.વી. ખેર અને એલ.સી.બી. સ્ટાફે અસામાજિક તત્વોની હિલચાલ અંગે બાતમીઓ એકત્રિત કરી કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન એલ.સી.બી. સ્ટાફના દિલીપભાઈ તલાવડિયા, મયુરસિંહ પરમાર, યુવરાજસિંહ ઝાલા અને ઋષિરાજસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે ધ્રોલ-રાજકોટ હાઇવે પર મોડપર ગામના પાટિયા નજીક વોચ ગોઠવવામાં આવી હતી. જ્યાંથી વિરેન્દ્રસિંહ કિશોરસિંહ જાડેજા (રહે. ખાખરાબેલા- તા. પડધરી, જી. રાજકોટ)ને ઝડપી લેવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન તેની પાસેથી લાયસન્સ કે પરવા વગરની એક પિસ્ટલ કિંમત રૂ. ૨૫,૦૦૦ એક જીવતો કાર્ટૂસ કિંમત રૂ. ૧૦૦ અને એક મોબાઇલ ફોન કિંમત રૂ.- ૫'૦૦૦ મળી કુલ રૂ. ૩૦,૧૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ અંગે એલ.સી.બી.ના પોલીસ હેડ કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદના આધારે પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ.વી. ખેર દ્વારા હથિયાર ધારા હેઠળ ગુનો નોંધી

અનુ પાના નં.૨ પર

# બાલાચડીની સીમમાં જુગારની મહેફીલમાંથી છ શખ્સો ૧૦.૮૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જોડિયા**

જોડીયા તાલુકાના બાલાચડી ગામની સીમમાં આવેલી ગંભીરસિંહ વાઘેલાની વાડીમાં કેટલાક લોકો ગંજીપત્તાના પાનાં વડે તીનપત્તી રોન નામનો પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે સ્થળ પર દરોડો પાડી છ શખ્સો નાજીમભાઈ કમાલુદ્દીનભાઈ ધમાણી, રહે. લંઘાવાડનો ઢાળીયો, કુલસુમ એપાર્ટમેન્ટ, જામનગર દિનેશભાઈ આસરિયાભાઈ માવ, રહે. ડી-પ્લોટ-૫૮, પાણીના ટાંકા પાસે, જામનગર ને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

પોલીસને સ્થળ પરથી રોકડ રૂ. ૬૩,૫૦૦ પાંચ મોબાઇલ ફોન કિંમત રૂ. ૨૫,૦૦૦, ગંજીપત્તાના ૫૨ પાનાં તથા જીજે-૧૦-ઈએચ-૩૭૯૨ નંબરની કાર કિંમત રૂ.૧૦ લાખ મળી કુલ રૂ. ૧૦,૮૮,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પોલીસ ઇન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

## મોટી ગોપ નજીક બોડકી વિસ્તારમાંથી જુગાર રમતાં છ શખ્સોની ૧.૧૫ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ

જામજોધપુર નજીક મોટીગોપમાં મોડી રાત્રે જુગારધામ પર પોલીસે દરોડો પાડતા દોડધામ મચી ગઇ હતી. જ્યાં તીનપત્તીનો જુગાર રમતા છ શખ્સને પોલીસે પકડી પાડ્યા હતા. જુગારીઓના કબજામાંથી રૂ. ૧.૧૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જામજોધપુર તાલુકાના મોટીગોપ ગામની બોડકી સીમ (ઢુકડીવાડી) વિસ્તારમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે રેડ પાડી રાજસી કેશાભાઈ પાથર (ઉ.વ. એકસઠ), કારા અરજણભાઈ પાથર (ઉ.વ. ત્રેસઠ), પ્રતીક વ્રજલાલભાઈ જોષી (ઉ.વ. બત્રીસ), જેરામભાઈ આલાભાઈ પાથર (ઉ.વ. ચોપન), દેવાભાઈ પેથાભાઈ પાથર (ઉ.વ. પાંત્રીસ) અને હસમુખભાઈ લખમણભાઈ પાથર (ઉ.વ. ચોત્રીસ)ને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા.

પોલીસ તપાસમાં આરોપીઓ જાહેરમાં ગંજીપત્તાના પાનાં વડે ''તીનપત્તી'' નામનો જુગાર રમી પૈસાની હારજીત કરતા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી ગંજીપત્તાના બાવન પાનાં, રોકડ રૂ. ૩૦, ચાર મોબાઇલ ફોન તથા ચાર મોટરસાયકલ મળી કુલ રૂ. ૧.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. અને આરોપીઓ સામે જામજોધપુર પોલીસ મથકમાં ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# ૨૬ ગુન્હામાં સંડોવાયેલ રીઢો આરોપી લાલિયો ઢીંગલી પકડાયો

**સમય સંદેશઃ જામનગર**



જામનગર શહેર ઉપરાંત સિક્કા, જોડિયા સહિતના જિલ્લાના અલગ-અલગ પોલીસ મથકમાં અગાઉ ૨૬ જેટલા ગુનાઓમાં પોલીસ ચોપડે ચડેલા તથા પંચકોષી બી ડિવિઝન અને સિક્કા પોલીસ મથકના ગુનાઓમાં ફરાર આરોપી કુલદીપસિંહ ઉર્ફે લાલિયો ઢીંગલી નટુભા પરમાર (રહે.નાઘેડી ગામ શિવાલિકઝ સોસાયટી, માતૃ આશિષ બંગલો) ને પોલીસે પકડી પાડી પાડ્યો હતો. આરોપી પોતાના ગામ નાઘેડીની શિવાલિક સોસાયટી પાસે જ ઊભો હોવાનું બાતમીના આધારે પંચકોષી બી ડિવિઝનની ટીમે દરોડો પાડી આરોપીને પકડી પાડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી કુલદીપસિંહ ઉર્ફે લાલિયો ઢીંગલી સામે જામનગર જિલ્લાના પોલીસ મથકોમાં પ્રોહિબિશન ઉપરાંત મારામારી, ધમકી, ઉઘરાણી અને જાહેર શાંતિ ભંગ જેવા ૨૬ જેટલા ગુના નોંધાયા હોવાનું ખૂલ્યું હતું. હાલ આરોપીને જેલ હવાલે કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# મોટી ભલસાણ નજીક ટાયર ફાટતા બોરવેલ ટ્રકની પલ્ટીઃ યુવકનું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના મોટી ભલસાણ ગામ નજીક બોરવેલના ટ્રકને અક્સ્માત નડ્યો હતો. ટ્રક અકસ્માતગ્રસ્ત બનતા એક યુવાન મજૂરનું મોત નીપજ્યું હોવાનું પોલીસમાં નોંધાયું છે. વિચિત્ર અકસ્માતમાં ટ્રકનું ટાયર ફાટતાં પલ્ટી મારી ગયા હતા. આ દરમિયાન ટ્રકમાંથી કૂદી જતા ૨૫ વર્ષીય યુવાન ટ્રક નીચે આવી ગયો હતો. જેમાં મજૂર યુવાનનું કરૂણ મોત નીપજતા અરેરાટી મચી છે.

પંચકોષી એ ડિવિઝન પોલીસ ચોપડે નોંધાયેલી વિગત અનુસાર પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ, રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના ફતેહગઢ વિસ્તારના રહેવાસી રવીન્દ્રકુમાર માંગીલાલ મીણા (ઉ.વ. ૨૫) પોતાના શેઠ તોફીકભાઈ તથા અન્ય મજૂરો સાથે બોરવેલનો ટ્રક (રજી. નં. જી.જે.-૦૩-એચ.ઇ.-૯૮૯૯) લઈને ઠેબા ચોકડીથી વાણિયા ગામ તરફ બોરિંગના કામ માટે જઈ રહ્યા હતા. દરમિયાન તા. ૧૪ જૂનની રાત્રે મોટી ભલસાણ ગામ નજીક પહોંચતા ટ્રકનું ડ્રાઇવર સાઇડનું આગળનું ટાયર અચાનક ફાટી ગયું હતું. જેના કારણે ટ્રક બેકાબૂ બન્યો હતો. અકસ્માતની આશંકાથી ગભરાઈને ક્લીનર સાઇડની સીટ પર બેઠેલા રવીન્દ્રકુમારે ટ્રકમાંથી કૂદકો માર્યો હતો.

ત્યારબાદ ટ્રક રોડની બાજુમાં આવેલા પીજીવીસીએલના વીજ થાંભલા સાથે અથડાઈ પલ્ટી મારી ગયો હતો. ટ્રકમાંથી કૂદેલા રવીન્દ્રકુમાર ટ્રકની નીચે દબાઈ જતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પિતા માંગીલાલ આશારામ મીણાએ પોલીસને જાણ કરતાં પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

# જામનગરની સિધ્ધનાથ સોસાયટીમાં બે પડોશીના પરિવારો વચ્ચે ધબાધબી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સિદ્ધનાથ સોસાયટી વિસ્તારમાં બે પડોશીઓ વચ્ચે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં એક જ પરિવારના પાંચ સભ્યોને ઇજાઓ પહોંચ્યાની ઘટના સામે આવી છે. બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાતા એટ્રોસિટી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદી ગીરધરભાઈ કરશનભાઈ ચાંડપા (ઉં.વ. ૪૩ રહે. સિદ્ધનાથ સોસાયટી, જગન્નાથ મંદિર પાસે) આરોપી રમેશ નારણભાઇ ખીચ, દિશા, મિતલ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ તા. ૧૪ જૂનના રોજ રાત્રે આશરે સાડા આઠ વાગ્યે તેમના દીકરા હાર્દિક સાથે પડોશમાં રહેતા રમેશભાઈ નારણભાઈ ખીચ અને તેમની દીકરીઓ દીશા તથા મીતલ વચ્ચે બોલાચાલી અને ઝઘડો થયો હતો.

ફરિયાદ અનુસાર, ઝઘડો વધતા મીતલે હાર્દિકના માથામાં પાવડાથી હુમલો કરી લોહીલુહાણ ઇજા પહોંચાડી હતી. દરમિયાન ગીરધરભાઈ વચ્ચે પડતાં તેમના માથામાં પથ્થર મારી ઇજા કરવામાં આવી હતી. ફરિયાદીની પત્ની નીતાબેનને દોરડાથી માર મારવામાં આવ્યો હતો, જ્યારે બીજા દીકરા અશ્વીનને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. વચ્ચે છોડાવવા આવેલા વિવેકને પણ માથામાં પથ્થર મારી ઇજા પહોંચાડવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આરોપીઓએ જાતિ આધારિત અપમાનજનક શબ્દો ઉચ્ચારી અનુસૂચિત જાતિ પ્રત્યે અપમાનજનક વર્તન કર્યું હતું. ઇજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાર્દિકના માથામાં ટાંકા લેવામાં આવ્યા હતા અને અન્ય ઇજાગ્રસ્તોની સારવાર કરવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# જામ કલ્યાણપુર તાબેના મોટા આસોટા પાસે બે માછીમારો સામે કાર્યવાહી

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર નજીક મોટા આસોટા ગામની સીમ વિસ્તારમાં આવેલા દરિયાઈ વિસ્તાર એવા ગડુ લેન્ડિંગ પોઇન્ટ ખાતે ખંભાળિયા તાલુકાના નાના આંબલા ગામના રહીશ ગફાર ઈબ્રાહીમ ગજણ અને અકબર બચુભાઈ ગજણ નામના બે માછીમારોએ પોતાની ફિશિંગ બોટમાં ટોકન વગર માછીમારી કરવા નીકળી, વિવિધ નિયમનું ઉલ્લંઘન કરવા સબબ કલ્યાણપુર પોલીસ મથકમાં બંને સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# જામનગરઃ ચાર વાહનચોરીનો ભેદ ઉકેલાયો : આરોપી ઝડપાયો


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સિટી સી ડિવિઝન સર્વેલન્સ સ્ટાફ વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા જહેમત ઉઠાવી રહ્યો હતો. તેવામાં પોલીસને બાતમી મળી કે, શહેરના ધરારનગર આવાસ પાસે રોડ ઉપરથી એક શખ્સ ચોરાઉ બાઇક સાથે પસાર થઈ રહ્યો છે. જેના આધારે પોલીસે નજર રાખી, આરોપી વિશાલ રાજુભાઇ ચાવડા (રહે. ગોકુલનગર, શિવનગર-૦૨,મુળ ગામ ભીંડા. તા.ખંભાળીયા) ને પકડી પાડ્યો હતો. પોલીસની આકરી પૂછપરછ દરમિયાન અન્ય ગુનાનો ભેદ ઉકેલાયો હતો. વિશાલ પાસેથી જામનગર સિટી બી અને સિટી સી વિસ્તારમાંથી ચોરાયેલા બે બાઇક સહિત ૩ બાઇક અને એક સીએનજી રિક્ષા સહિત કુલ રૂ. ૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

# જામ-ખંભાળિયામાં નગર પાલિકાનું ટ્રેક્ટર હંકારી ગયા

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા નગરપાલિકાનું કચરો ભરવાનું ટ્રેક્ટર શનિવારે રાત્રિના સમયે અત્રે મેઈન બજાર વિસ્તારમાં કચરો ભરવા ગયું હતું. જ્યાં નગરપાલિકાના ટ્રેક્ટરના ડ્રાઇવર જાવેદ મહંમદહુસેન બુખારીએ કચરો ભરવા માટે આ સ્થળે ટ્રેક્ટર રાખ્યું હતું. ત્યારે આ માર્ગ પર રિક્ષામાં નીકળેલા હુસેન ઈસ્માઈલ મંધરા અને સદ્દામ હુસેન તુરક નામના બે શખ્સો અહીં આવ્યા હતા અને તેઓને આ ટ્રેક્ટર નળતરરૂપ જણાતા પાલિકાનું આ વાહન પોતાની રીતે ચલાવી દૂર લઈ ગયા હતા. આ વચ્ચે અહીં રહેલા ટ્રેક્ટરના ડ્રાઇવર જાવેદ બુખારીએ તેમને ના પાડતા આરોપીઓએ તેમની સાથે ઝઘડો કર્યો હોવાનું પોલીસમાં જાહેર થયું છે. જે અંગે પોલીસે જરૂરી નોંધ કરી આગળની કાર્યવાહી કરી હતી.

# દ્વારકામાં દારૂ, બિયર સાથે બે ઝડપાયા

દ્વારકા તાલુકાના રંગાસર ગામે રહેતા મનીષભા રીણાભા સુમણીયા નામના ૨૫ વર્ષના શખ્સને પોલીસે રૂ. ૪,૦૪૦ ની કિંમતની વિદેશી દારૂની ૮ બોટલ સાથે ઝડપી લીધો હતો. સુરજકરાડી વિસ્તારનો માયાભા ભારાભા માણેક નામનો ૨૨ વર્ષનો શખ્સ રૂ. ૫,૨૮૦ ની કિંમતના બિયરના ૨૪ ટીન સાથે ઝડપાઈ ગયો હતો.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com